સ્ટોર બહારની લાઈનો અને અંદરનો ખાલીપો: દેવું કરીને આઈફોન પીવો!

ભારતમાં હમણાં નવો આઈફોન-17 લોન્ચ થયો ત્યારે અનેક મેટ્રો શહેરોમાં એપલના સ્ટોર પર રાતથી જ લાંબી લાઈનો લાગી હતી. કેટલીક જગ્યાએ ધક્કામુક્કી થઈ, સુરક્ષા ગાર્ડ્સ સાથે ઝઘડા પણ થયા. આ દૃશ્યો જોતા એક સ્વાભાવિક પ્રશ્ન ઊભો થાય છે- એક મોબાઈલ ફોન માટે આવું ગાંડપણ શા માટે?

સિનેમા થિયેટર બહાર ધક્કામુક્કી થાય તે સમજાય તેવું છે. ફિલ્મ મર્યાદિત સમય માટે હોય છે અને તેની ટિકિટનો ભાવ આઈફોન જેવી હજારો રૂપિયાની કિંમત ધરાવતો નથી. પરંતુ આઈફોન તો આખું વર્ષ બજારમાં રહે છે અને પછી પણ તે 'જૂનો' ગણાતો નથી. સમય જાય તેમ તેની કિંમત ઘટે છે. તેમ છતાં "હું સૌથી પહેલાં લઈ આવ્યો"ની અતાર્કિક લાલસા લોકોમાં કેમ દેખાય છે?

આ લાઈનમાં ઊભા રહેલા ઘણા લોકોને કદાચ આઈફોન-17 અને આઈફોન-16 વચ્ચેનો વાસ્તવિક તફાવત પણ ખબર ન હોય અને માનો કે તફાવત હોય, તો પણ તેનાથી તેમના જીવનમાં શું મૂળભૂત ફેરફાર થવાનો છે? એ વચ્ચેના આંકડા પણ નોંધપાત્ર છે. ભારતમાં લગભગ પોણા ભાગ જેટલા આઈફોન ક્રેડિટ કાર્ડથી ખરીદવામાં આવે છે. એટલે કે જે વસ્તુ જીવનમાં કોઈ ખાસ યોગદાન આપવાની નથી, તે ખરીદવા માટે લોકો દેવું પણ સ્વીકારે છે.

આ પ્રશ્ન માત્ર આઈફોન પૂરતો સીમિત નથી. દુનિયાની અનેક મોંઘી લક્ઝરી બ્રેન્ડ્સ માટે લોકો આવી જ મહેનત કરે છે; લાંબી લાઈનો, ઊંચી કિંમતો અને ઘણી વાર પોતાની આવકની સીમા ઓળંગતી ખરીદીઓ. જો તમે તેમને પૂછો કે આવું શા માટે, તો તેઓ ગુણવત્તા, ટકાઉપણું, શુદ્ધતા અને ટેક્નોલોજીના ગુણગાન ગાઈને પોતાની ખરીદીને યોગ્ય ઠેરવશે. પરંતુ તેની નીચે છુપાયેલી હકીકત કંઈક બીજી જ છે.

માનસશાસ્ત્ર કહે છે કે માણસો ઘણી વખત ચીજોને તેમની ઉપયોગિતાથી નહીં, પરંતુ તેના પ્રતીકાત્મક મૂલ્યથી ખરીદે છે. લોકો બીજા લોકો પર વટ પાડવા, પોતાનું મહત્ત્વ દેખાડવા અને સામાજિક સ્વીકૃતિ મેળવવા માટે અતાર્કિક ખરીદીઓ કરે છે. આ વૃત્તિને મનોવૈજ્ઞાનિક ભાષામાં આત્મ-ગૌરવ અને આત્મ-સિદ્ધિનો ભાવ કહે છે.

ઉપર ઉપરથી ખરીદી એક સરળ પ્રક્રિયા લાગે છે. આપણને કોઈ વસ્તુ જોઈએ છે, તેની કિંમત યોગ્ય લાગે છે, તેની ગુણવત્તા સારી છે અથવા તે આસાનીથી ઉપલબ્ધ છે; એટલે આપણે તેને ખરીદીએ છીએ. પરંતુ સપાટીની નીચે એક જટિલ માનસિકતા કાર્યરત હોય છે. આપણે ઘણી વખત કોઈ ખાસ મૂડમાં હોઈએ છીએ, ચાર જણા સામે વટ મારવો હોય છે અથવા આપણા ગ્રુપમાં એ વસ્તુ વાપરતા લોકો હોય છે; આ બધા કારણો ખરીદીના નિર્ણયને અસર કરે છે.



માણસો ઘણી વખત ચીજોને તેમની ઉપયોગિતાથી નહીં, પરંતુ તેના પ્રતીકાત્મક મૂલ્યથી ખરીદે છે. લોકો બીજા લોકો પર વટ પાડવા, પોતાનું મહત્ત્વ દેખાડવા અને સામાજિક સ્વીકૃતિ મેળવવા માટે અતાર્કિક ખરીદીઓ કરે છે

એટલે જ ચીજોની ખરીદી હંમેશાં તાર્કિક નથી હોતી; તે ઘણી વખત ભાવનાત્મક હોય છે. માણસો ચીજવસ્તુઓ દ્વારા પોતાનું મૂલ્ય માપતા હોય છે. દાખલા તરીકે, દુનિયાની તમામ ઘડિયાળોમાં સમય એક સરખો જ બતાવવામાં આવે છે- ન તો એક મિનિટ આગળ, ન તો એક મિનિટ પાછળ. ઘડિયાળ પહેરવાનું એક માત્ર તાર્કિક કારણ સમયનું ભાન રાખવાનું છે. તેમ છતાં, કોઈ વ્યક્તિ એક લાખ રૂપિયાની રોલેક્સ ઘડિયાળ પહેરે છે, કારણ કે તે ઘડિયાળ તેને સમાજમાં એક ખાસ સ્ટેટસ આપે છે.

અંગ્રેજીમાં આ વૃત્તિને 'વેનિટી' કહે છે; ખોટો આડંબર, મિથ્યાભિમાન અથવા દંભ. ગુજરાતીમાં તેના માટે અત્યંત યોગ્ય શબ્દ છે 'પતરાજી'- શેખી, ડંફાસ, બડાઈ. બ્રેન્ડ મેનેજરોને સારી રીતે ખબર છે કે માણસમાં જેટલી વધુ બીજાને આંજી દેવાની તમન્ના હોય, તેટલી જ તેની મોંઘી બ્રેન્ડ્સ ખરીદવાની તૈયારી હોય છે. કેટલીક બ્રેન્ડ્સ તેમની ઉપયોગિતા કરતાં વધુ સ્ટેટસ સિમ્બોલ તરીકે જાણીતી હોય છે.

વેનિટીમાં જીવતા લોકો બીજાને આંજીને, તેમને પોતાની ઓછપનો અહેસાસ કરાવીને પોતાનું મહત્ત્વ અને માન વધારતા હોય છે. ગ્રાહકવાદની એક કડવી હકીકત એ છે કે આપણે આપણું મૂલ્યાંકન સતત બીજા લોકો સાથે સરખામણી કરીને કરતા રહીએ છીએ. તમારા મિત્ર વર્તુળમાં બધા જો સામાન્ય ફોન વાપરતા હોય, તો તમારો મોંઘો સ્માર્ટફોન તમને સુખ આપે છે. પરંતુ એ જ લોકો જો આઈફોન વાપરવા લાગે, તો એ જ સ્માર્ટફોન તમને અચાનક ઓછો લાગવા માંડે છે.

ફાયરવોલ
રાજ ગોસ્વામી

મુનિ ચાર્વાક કદાચ ભારતના પ્રથમ કન્ઝ્યુમર વિચારક હતા. 'દેવું કરીને ઘી પીવો'નો તેમનો ઉક્તિ પ્રસંગ આજના ક્રેડિટ કાર્ડ યુગમાં પણ એટલો જ લાગુ પડે છે. લોકો એટલા માટે જ ક્રેડિટ પર આઈફોન ખરીદે છે. આપણી આખી ફેશન ઇન્ડસ્ટ્રી મોટા ભાગે આડંબર પર આધારિત છે. માત્ર લોકોની નજરમાં સુંદર દેખાવું પૂરતું નથી; આપણને પોતાની નજરમાં પણ એ સુંદરતાની સાબિતી જોઈએ છે.

ખાદીનું શર્ટ પહેરીને પણ માણસ સારો લાગી શકે, પરંતુ લૂઈસ વિટોનનું બ્લેઝર પહેરવાથી મળતો આત્મસંતોષ અલગ જ હોય છે, કારણ કે ઐશ્વર્યા રાય પણ એ જ બ્રેન્ડ પહેરે છે. ફેશન પ્રોડક્ટ્સ માટે સેલિબ્રિટી ચહેરાનો ઉપયોગ કરવાનો હેતુ પણ આ જ છે. લોકો એ પ્રોડક્ટને સેલિબ્રિટીની સુંદરતા અને સફળ જીવન સાથે જોડીને પોતાની સુંદરતા અને સફળતાનો અહેસાસ કરે છે.

એક સમય હતો જ્યારે ભારતમાં વિદેશી બ્રેન્ડ્સ ઉપલબ્ધ ન હતી. ત્યારે સોનીનો ટેલિવિઝન સેટ કે રીબોકના સનગ્લાસથી માણસનું મહત્ત્વ માપવામાં આવતું. એવું નથી કે દરેક માણસ અરમાની કે ગુચ્ચીથી અંજાઈ જાય. પરંતુ જે લોકો વધુ આડંબરી, વધુ મિથ્યાભિમાની કે વધુ પતરાજી હોય છે, એ જ મોંઘા બ્રેન્ડ્સ પહેરીને પોતાની સાર્થકતા અનુભવે છે.

વેનિટીના બે મુખ્ય પાસાં છે; શારીરિક દેખાવ અને સફળતાનો અહેસાસ. તમે બીજા કરતાં કેટલા વધુ સુંદર કે કેટલા વધુ સફળ છો, તેનો દેખાડો કરવો એ વેનિટી છે. પશ્ચિમી સભ્યતામાં મોરને આડંબરનું પ્રતીક માનવામાં આવે છે. ઈજિપ્શિયન, ગ્રીક અને રોમન પુરાણોમાં મોરનાં પીછાંને 'દુષ્ટ આંખ' તરીકે જોવામાં આવતાં, કારણ કે તે સતત 'જોતાં' રહે છે.

ઈજિપ્તની અર્ગુસ નામની એક કથા છે. અર્ગુસે રાજા ઓસીરીસની ગેરહાજરીમાં રાણી ઈસીસને કેદ કરીને પોતાને રાજા જાહેર કર્યો હતો. જ્યારે ઓસીરીસ પરત ફર્યો, ત્યારે તેને ખબર પડી કે અર્ગુસે રાજ્યભરમાં જાસૂસો ફેલાવી રાખ્યા હતા. અર્ગુસને શ્રાપ આપવામાં આવ્યો કે તે મોર બની જશે અને તેના જાસૂસો તેના પીછાં તેની આંખો બની જશે.

આજનો આધુનિક માણસ પણ કંઈક એવો જ છે. તેના હાથમાં આઈફોન છે, કપડાં પર બ્રેન્ડના લોગો છે અને આંખોમાં સતત બીજાને માપવાની તથા બીજાથી પોતાને ઊંચા સાબિત કરવાની વૃત્તિ છે. પ્રશ્ન એ નથી કે આઈફોન ખરાબ છે કે લક્ઝરી બ્રેન્ડ્સ નિષ્ફળ છે. પ્રશ્ન એ છે કે આપણે આ બધું શા માટે જોઈએ છે; જરૂર માટે, કે વેનિટી માટે?

ભોજનાગ્રહ: શસ્ત્ર અને શાસ્ત્ર

'ભોજનાગ્રહ' જેવો નવો શબ્દ વાંચીને કોઈને 'સત્યાગ્રહ' જેવો જૂનો શબ્દ યાદ આવે તો ભલે. તે બંને વચ્ચે કેટલુંક સામ્ય છે: તે અહિંસક આગ્રહો છે. સત્યાગ્રહની જેમ ભોજનાગ્રહમાં પણ છેવટે સામેવાળાનું મન-પરિવર્તન કરવાનું હોય છે. સત્યાગ્રહ અને ભોજનાગ્રહ બંને વ્યક્તિગત તેમ જ સામુહિક રીતે કરી શકાય છે. બંને આગ્રહો જેની સામે કરવામાં આવે, તેની દશા કફોડી થાય છે. કારણ કે, તે સામેના પક્ષ પર દ્વેષ કે હિંસાનો આરોપ મુકી શકતા નથી. આગ્રહી પક્ષે રહેલા પ્રેમનો સ્વીકાર તેમણે કચવાતા મને કરવો પડે છે અને એવું કરવા જતાં, સત્યાગ્રહીઓની થોડી અને ભોજનાગ્રહીઓની અડધી જીત થઈ જાય છે. સામેવાળાનો આગ્રહ તેની જગ્યાએ સાચો હોવા છતાં, પોતે શા માટે તેને વશ નહીં થઈ શકે, તે સમજાવવાનું અને લોકલાગણી પોતાના પક્ષે કરવાનું કઠણ હોય છે.

ગાંધીજીએ સત્યાગ્રહ જેવું અહિંસક શસ્ત્ર અને તેનું શાસ્ત્ર શોધ્યાં, પણ તેનો પ્રતિકાર શી રીતે કરવો તેનું કોઈ શાસ્ત્ર નથી. ભોજનાગ્રહ એ બાબતમાં સત્યાગ્રહ કરતાં અલગ પડે છે. ભોજનાગ્રહનો અહિંસક મુકાબલો કરવાનું બાકાયદા શાસ્ત્ર ભલે ન હોય, પણ ઘણા અનુભવીઓએ વખતોવખત જે પ્રકારે ભોજનાગ્રહનો મુકાબલો કર્યો અને તેમાં ઓછીવત્તી સફળતા મેળવી - તેના આધારે કેટલીક વ્યૂહરચનાઓ તારવી શકાય.

આરોગ્ય-વ્યૂહ: ભોજનાગ્રહીઓના અહિંસક હુમલા નિષ્ફળ બનાવવા માટે કેટલાક લોકો આરોગ્યને લગતાં કારણોનો સહારો લે છે. જેમ કે, 'હું સહેજ પણ વધારે ખાઉં તો મને એસિડીટી થાય છે.' અથવા 'ડોક્ટરે કહેલું કે તમારી હોજરી બહુ નાની છે. એટલે વધારે ખાશો તો તકલીફ પડશે.' અથવા '(ભૂખપૂરતું ખાઈ લીધા પછી) મને અચાનક પેટમાં ચૂંક આવવા લાગી છે. એટલે હવે મારે ઊભા થવું પડશે.'

આ કારણોને એકધારી સફળતા મળતી નથી, તે પણ નોંધવું જોઈએ. તબીબી જાણકારીમાં ઉત્સાહી હોય એવો એકાદ જણ ભોજનાગ્રહીઓના પક્ષે હોય તો એ કહી શકે છે, 'અરે, તમતમારે દબાવો. પછી ગોળી લઈ લેજો. એટલે એસિડીટી નહીં થાય. ફલાણાભાઈ કાયમ એવું જ કરે છે.' અથવા 'ડોક્ટરો તો બધા વહેમ ઘાલે. તેમનું ગણકારવું નહીં. ડોક્ટરનો વ્હેમ વધે કે અમારો પ્રેમ?' પેટમાં દુ:ખવાના બહાનામાં પણ એક્ટિંગની જેમ યોગ્ય ટાઈમિંગ ન જળવાય, તો અવળાં પરિણામ મળવાની ભીતિ રહે છે અને ભૂખપૂરતા ભોજનથી પણ વંચિત રહેવાનો વારો આવી શકે છે.

પ્રસંગ-વ્યૂહ: કેટલાક લોકો આગ્રહ ટાળવા માટે જ્ઞાનપરંપરાને બદલે કથાપરંપરાનો આશ્રય લે છે. મીઠાઈ પીરસવા આવેલા લોકોને અંતરિયાળ રોકીને તે કહે છે, 'તમે ભલે પીરસવા આવ્યા, પણ તમને એક વાત કહું. અમારા એક મિત્રના પાડોશી હતા. તેમની દીકરીનું સગપણ કેનેડા કરેલું. લગન વખતે જમાઈ દેશમાં આવ્યા ને મિત્રને ત્યાં જમવાનું રાખ્યું. મિત્રને થયું કે જમાઈને બરાબર ખવડાવીને તેમના માટેનો પ્રેમ વ્યક્ત કરું. જમાઈને પણ થયું કે નવું નવું નક્કી થયું છે ને ક્યાં ના પાડવી? એટલે તેમણે પણ ના પાડ્યા વિના ઠાંસ્યું. પછી રાત્રે ઘરે જતાં જ...'

કથાપ્રવાહમાં પીરસનારનો હાથ અટકી ગયો હોય, પણ હવે વાતનો છેડો લટકતો રહેતાં તેમની ઉત્સુકતા ઉછાળા મારવા લાગે ને તેમને પણ પોતે નવી વાસ્તવિકતાઓથી અજાણ નથી એવું સૂચવવા માટે, કંઈક ઉમેરવાનું મન થાય. એટલે તે કહેશે, 'હવે આવા કિસ્સા બહુ બને છે. અમારા એક સગા છે. તેમના છોકરાનો ફ્રેન્ડ એક દિવસ ક્રિકેટ રમવા ગયો ને રમતાં રમતાં મેદાન પર જ...'



તે સાંભળીને કથાનો છેડો લટકતો રાખનાર કહેશે, 'એમ તો જમાઈને કંઈ થયું નહીં. રાત્રે ઘરે જતાં પેટમાં બહુ ગડગડાટી થઈ. એટલે રસ્તામાં એક ઠેકાણે ઊભા રહીને સોડા પી લીધી ને ઠીક થઈ ગયું, પણ ત્યારથી તે ચેતી ગયા છે. આ તો ઠીક છે, પેટમાં દુ:ખાવો હતો. છાતીમાં થયો હોત તો?'

આટલે સુધી પહોંચતાં ભોજનાગ્રહી ભૂલી ચૂક્યા હોય છે કે તે અસલમાં ભોજનનો આગ્રહ કરવા આવ્યા હતા. હવે વાતે લીધેલા ગંભીર વળાંક પછી 'જાન બચી તો લાખોં પાયે'નો માહોલ બની જાય છે ને આગ્રહ કરવાનું અવિધિસર રીતે પડતું મૂકવામાં આવે છે.

બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વિશ કોઠારી

જ્ઞાન-વ્યૂહ: નવા જમાનામાં જેમની પાસે મોબાઈલ છે તે બધા જ આરોગ્ય-નિષ્ણાતો છે. એટલે કેટલાક લોકો આગ્રહ ટાળવા માટે પ્રસંગ-વ્યૂહને બદલે બીજો રસ્તો અપનાવે છે. તે કહે છે, 'મેં હમણાં જ એક રીલ જોઈ હતી. તેના અઢી મિલિયન વ્યૂઝ હતા. તેમાં કહ્યું હતું કે પેટ હંમેશાં સાડા સોળ ટકા ઊણું રાખવું. તે આરોગ્ય માટે બહુ ફાયદાકારક છે. બીજી એક રીલમાં કોઈ યુનિવર્સિટીવાળાએ રીસર્ચ કર્યું હતું કે 100% ભૂખ હોય તો 82% જેટલું જ ખાવું. એનાથી વધારે ખાવામાં આવે, તો આગામી દાયકાઓમાં માણસ મૃત્યુ પામી શકે છે, એવી સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી. બોલો, હવે તમે જ કહો, શું કરવું?'

બૂમરેન્ગ-વ્યૂહ: આગળ વર્ણવેલા વ્યૂહમાં વાચાળતા મહત્ત્વનું પરિબળ છે, પણ કેટલાક લોકો કર્મયોગી હોય છે. તે બાંયો ચડાવીને તૈયાર હોય છે. જેવા ભોજનાગ્રહીઓ નીકળે, તે સાથે જ તે લોકો બમણા જોશથી વળતો આગ્રહ શરૂ કરી દે છે અને પીરસનારના મોંમાં મીઠાઈ ઠાંસવા માંડે છે. આક્રમણના જોશ સાથે આવેલો ભોજનાગ્રહી અચાનક વળતા હુમલાથી ડઘાઈ જાય છે અને જોતજોતામાં બંનેમાંથી ભોજનાગ્રહી પક્ષ કયો છે, તે નક્કી કરવું અઘરું થઈ પડે છે.

જેવા ભોજનાગ્રહીઓ નીકળે, તે સાથે જ તે લોકો બમણા જોશથી વળતો આગ્રહ શરૂ કરી દે છે અને પીરસનારના મોંમાં મીઠાઈ ઠાંસવા માંડે છે. આક્રમણના જોશ સાથે આવેલો ભોજનાગ્રહી અચાનક વળતા હુમલાથી ડઘાઈ જાય છે

ઈશિતાનું અલકમલક

પાપ ક્યારેક આમ પણ પોકારે

'ઈશિતા' પાસેથી ફેક રેપ એટલે કે નકલી બળાત્કારની વાત તમે ગયા અઠવાડિયે જાણી. ઉપજાવી કાઢેલા બળાત્કાર દ્વારા પૂણેની એક ગર્લફ્રેન્ડ એના પુરુષ મિત્ર પાસેથી જે રીતે તગડી રકમ પડાવતી હતી એ એક નવા જ પ્રકારનો અપરાધ હતો એ વાતની જાણ પણ પોલીસ સુદ્ધાંને હમણાં થઈ. કોઈ મહિલાનું અપહરણ પછી દોડતી કારમાં એના પર બળાત્કાર કરીને પીડિતને ભાગતી કારમાંથી ફગાવી દેવાનો એક કિસ્સો હમણાં ફરિદાબાદમાં નોંધાયો. એ પછી ઉદયપુરમાં પણ ચાલતી કારમાં ગેંગરેપ થયાના સમાચાર આવ્યા છે. ઉદયપુરની એક IT કંપનીમાં જોબ કરતી મહિલા કવિતા (નામ બદલ્યું છે) એના બૉસની બર્થ-ડે પાર્ટીમાં ગઈ હતી. ત્યાં બીજા સહયોગીઓ સાથે એ પણ મજેથી ઝૂમી. નશાની 'કીક' ધાર્યા કરતાં એને વધુ લાગી ગઈ એટલે એની એક મહિલા અને અન્ય બે પુરુષ સહયોગી કવિતાને એના ઘરે મૂકવા ગયાં.બીજી સવારે કવિતાનો નશો ઊતર્યો ત્યારે એને ખ્યાલ આવ્યો કે ચાલતી કારમાં એના પર ગેંગ રેપ થયો હતો! કવિતાની પોલીસ ફરિયાદ પછી સામૂહિક બળાત્કારના કારણે એના પર થયેલી શારીરિક ઈજા ઉપરાંત તબીબી પરીક્ષણથી સાબિતી બાદ પોલીસે કવિતાને રાતે ઘેર મૂકવા આવેલાં એની જ કંપનીની એક મહિલા સહિત અન્ય બે સિનિયર અધિકારીની ધરપકડ કરી. અન્ય સાંયોગિક પુરાવાઓની સાથે પોલીસે પણ કલ્પના ન કરી હોય એવો એક જબરો પુરાવો હાથ લાગી ગયો, કંપનીના અધિકારીની કારમાંથી. આજની કેટલીક આધુનિક કારના ડેશબોર્ડ પર મીની ડેશ કેમેરા પણ ગોઠવેલા હોય છે. દોડતી કારમાં બળાત્કારીઓને કલ્પના સુદ્ધાં નહોતી કે એ કેમેરામાં એમણે કવિતા પર કરેલા રેપની ઓડિયો-વીડિયો પર પણ રેકોર્ડ થઈ જશે! પાપ ક્યારેક માત્ર છાપરે ચઢીને જ નહીં - દોડતી કારમાંથી પણ પોકારે છે!

એક સુપરસ્ટારની સેવન સ્ટાર ખાનદાની



'બીગ બી'થી પણ પહેલાં ભારતના અધિકૃત 'સુપરસ્ટાર'નું બિરુદ પામનારા રાજેશ ખન્ના- 'કાકા'નો તાજેતરમાં 29 ડિસેમ્બરે જન્મદિવસ ગયો, એ હયાત હોત તો આજે એ 83 વર્ષના હોત.

અભિનય ઉપરાંત એમનો રોમેન્ટિક મિજાજ - ગુલાબી મસ્તી અને મિત્રો માટે નવાબી ચાહનાના અનેક કિસ્સા ફિલ્મવર્લ્ડમાં લોકવાયકાની જેમ જાણીતા છે.

આમ છતાં, જેમની દિગ્દર્શિત એક ફિલ્મમાં અગત્યનો રોલ અદા કરનારા કાકાનો ભાગ્યે જ જાણીતો એવો સો ટચના સોના જેવો ખાનદાનીનો એક કિસ્સો જાણીતા ફિલ્મ લેખક -ગીતકાર -નિર્દેશક સંજય છેલ પાસેથી જાણવા જેવો છે.

રાજેશ ખન્ના અને અમિતાભ બચ્ચન સાઉથની એક પોલિટિકલ ફિલ્મની રિ-મેકમાં કામ કરતા હતા. બન્નેની ફિલ્મ યોગાનુયોગ એક જ સમયે રિલીઝ થવાની હતી. રાજેશ ખન્નાએ જોયું કે એમની ફિલ્મનાં પોસ્ટરોની ડિઝાઇન બરોબર નથી. રાતોરાત દિવાકર નામના એમના એક ફેવરિટ ડિઝાઇનરને બોલાવ્યો અને પોતાના ખર્ચે આખી નવી ડિઝાઇન બનાવવાનો ઓર્ડર આપ્યો. જૂનાં પોસ્ટર કેન્સલ કરીને નવાં છપાવ્યાં. પછી તો અમિતાભ અને કાકાની ફિલ્મો એકસાથે રિલીઝ થઈ પણ બેઉ ફ્લોપ ગઇ.

હવે પેલા ડિઝાઇનર દિવાકરને પ્રોડ્યુસરે પોસ્ટર છપાવવાના પૈસા ન આપ્યા. દિવાકર મૂંઝાય કે કાકાને કઈ રીતે કહેવું? એક વાર કાકાએ એને ઘરે પાર્ટીમાં બોલાવ્યો. કાકાની રાતોની પાર્ટીઓ ત્યારે મશહૂર હતી. વહેલી સવાર સુધી મહેફિલ ચાલે. સવારે ચાર વાગ્યે દિવાકર ડ્રીંક અને ડિનર લઈને જવા નીકળ્યો. કાકાની ગાડી એને ઘરે મૂકવા જવાની હતી. દિવાકરની જીભ ન ઊપડે પૈસાની વાત કરતા.. એવામાં કાકાએ એને 'એક મિનિટ' કહીને રોક્યો પછી અંદરથી જઈ બે લાખ રૂપિયા કેશ લાવીને દિવાકરને આપ્યા. આવી હતી એક સુપરસ્ટારની સેવન સ્ટાર ખાનદાની!

ઈશિતાનું ઈત્યાદિ... ઈત્યાદિ

» વર્ષ પૂરું થાય એની સાથે વીતેલાં વર્ષના જમા-ઉધારનું સરવૈયું નીકળે. એમાં સિદ્ધિના વિશેષ ઉલ્લેખ સાથે નકારામાત્મક ઘટનાની પણ નોંધ લેવાય. આપણા દેશે ડિજિટલ યુગમાં જે રીતે ધાર્યા કરતાં વધુ ઝડપથી પ્રવેશ કર્યો એટલાં જ વધુ દૂષણ- સાયબર છેતરપિંડી એ લઈ આવ્યો. એકલા માત્ર 2025માં આપણે ત્યાં 21 લાખ 77 હજાર 524 છેતરપિંડીની ઘટના બની, જેમાં લોકોએ અંદાજિત 19 કરોડ 81 લાખથી વધુ રકમ ગુમાવી અને છેલ્લાં 6 વર્ષમાં આવી સાયબર છેતરપિંડીનો આંક છે અઘઘઘઘ રૂપિયા 52,976 કરોડનો! સાયબર ફ્રોડ-ક્રાઈમ જેવું જ બીજું દૂષણ છે ડ્રગ્સ, નશીલા પદાર્થની હેરાફેરીએ વિતેલાં વર્ષમાં દેશભરમાં નવા નવા વિક્રમો સર્જ્યા છે. પાકા આંકડા હવે આવશે પણ કેંદ્ર સરકારની 'નશામુક્ત ભારત'ની ઝુંબેશને લીધે એક અંદાજ મુજબ રૂપિયા 28 હજાર કરોડની કિંમતના ડ્રગ્સ ભારતભરમાંથી જપ્ત થયા છે. એમાંય 'આમચી મુંબઈ'માંથી વર્ષ 2025માં રૂપિયા 700 કરોડથી વધુ ડ્રગ્સ ઝડપાયું છે!

» દેશભરમાં મતદારોની સઘન ચાદી ('સર') તૈયાર કરવાનું કામ ચાલી રહ્યું છે તેમાં સરકારી અધિકારીઓ-શિક્ષકોને સામેલ કરવામાં આવ્યા છે, એનાથી શિક્ષકો નારાજ છે. એમાં હવે રખડતાં કૂતરાં એમને 'કનડી' રહ્યાં છે. એક સરકારી આંકડા અનુસાર આજે દેશમાં ભમતાં કૂતરાંની સંખ્યા 1 કરોડ 50 લાખની છે. એને 'કાબૂ'માં રાખવા માટે સુપ્રીમ કોર્ટે પણ કડક આદેશ આપ્યા છે. આ કારણે લાગતા-વળગતા સત્તવાળાઓએ દરેક શાળાને સૂચિત કર્યું છે કે 'તમારે ત્યાં એક શિક્ષકને નિયુક્ત કરો, જે શાળાની આસપાસ રખડતાં શ્વાનોને કાબૂમાં રાખે, જેથી એ ત્યાંના વિદ્યાર્થીઓને ન કરડે!' શ્વાનને સંભાળવાની આવી જવાબદારી સોંપાતા દેશના મોટા ભાગના શિક્ષકોએ (ભરસ્યા વિના!) તીવ્ર વિરોધ વ્યક્ત કર્યો છે!

ઈશિતાની એલચી

નકારાત્મકતાથી તમારે દૂર રહેવું છે?
સૂર્યપ્રકાશ તરફ તમારો ચહેરો ફેરવો,
તમને ક્યારેય પડછાયો જોવા નહીં મળે!